This Question Paper consists of **31** questions and **8** printed pages.
આ પ્રશ્નપત્રમાં **31** પ્રશ્નો અને **8** છપાયેલાં પૃષ્ઠો છે.

Roll No.
રોલ નંબર

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

# GUJARATI
# (ગુજરાતી)
# (207)

**Code No.** કોડ નં. **64/S/O/G**

**SET/સેટ** **A**

Day and Date of Examination ..........................................................................
(પરીક્ષાનો વાર અને તારીખ)

Signature of Invigilators 1. ..........................................
(નિરીક્ષકોની સહી)

2. ..........................................

---

**સામાન્ય નિર્દેશ :**

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.
2. પહેલા પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલા કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાનાં ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.
3. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D)માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર-પુસ્તિકામાં લખવો.
4. બહુવિકલ્પીય પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. બહુવિકલ્પીય પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.
5. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈપણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.
6. પોતાની ઉત્તર-પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા 64/S/O/G, સેટ **A** લખવી.

# GUJARATI

## (ગુજરાતી)

## (207)

**સમય : 3 કલાક]** **[ કુલ ગુણ : 100**

**સૂચના :** (i) બધા પ્રશ્નો **અનિવાર્ય** છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

(ii) બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

(iii) બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એકસાથે કરવાના છે.

1. ગોપીઓ જસોદા માતાને કહે છે જસોદા _______ **1**

(A) તારા કાનુડાને સાદ કરીને વાર. (B) તારા કાનુડાને લાકડીથી માર.

(C) તારા કાનુડાને ઘરમાં પૂરી રાખ. (D) તારા કાનુડાને સુવડાવી દે.

2. હોળીનો તહેવાર કઈ ઋતુમાં આવે છે ? **1**

(A) ફાગણ (B) અષાઢ

(C) વસંત (D) શરદ

3. રાજઘાટ ક્યાં આવેલો છે ? **1**

(A) અમદાવાદ (B) મુંબઈ

(C) દિલ્લી (D) ઈલાહાબાદ

4. કાવ્યની પંક્તિઓના છેલ્લા શબ્દો સરખા ઉચ્ચારવાળા હોય તેને કહેવાય છે : **1**

(A) અનુપ્રાસ (B) અંત્યાનુપ્રાસ

(C) મધ્યાનુપ્રાસ (D) પ્રથમાનુપ્રાસ

5. હરિયાએ કુલ કેટલા વરસ ઈંટો ગણી ? **1**

(A) બાવન (B) એકાવન

(C) છપ્પન (D) ચોપન

6. ત્રણ નદીઓના સંગમને શું કહેવાય છે ? **1**

(A) ત્રિવેણી (B) ગંગોત્રી

(C) યમુનોત્રી (D) ગોદાવરી

7. 'મૂળવંતરાય' કોનું મૂળ નામ હતું ? **1**

(A) ગાવસ્કરનું (B) વીનૂ માંકડનું

(C) કપિલદેવનું (D) ગેરી સોબર્સનું

8. 'મારી વ્યાયામશાળા'ના નાયકમાં કયો દુર્ગુણ હતો ? **1**

(A) હાર ન સ્વીકારવાનો (B) મહેનત ન કરવાનો

(C) થાકી જવાનો (D) ઊંઘતા રહેવાનો

9. પર્યાયી શબ્દની યોગ્ય જોડણી હોય એ શોધો. **1**

(A) અવની × અંબર (B) ઊપર × નીચે

(C) પુષ્પ × સુમન (D) અંદર × બાહર

10. મારી માની નાયિકાની માતા નાયિકાને શું બનવાની ઈચ્છા રાખતી હતી ? **1**

(A) ડૉક્ટર (B) નર્સ

(C) વકીલ (D) અધ્યાપિકા

11. લાડુની યાદ આવતાં દેવશંકરને શું થતું ? **1**

(A) ગુસ્સો આવતો (B) રડવું આવતું

(C) ઘૃણા થતી (D) મોં માં પાણી આવી જતું

12. 'તડકો' કયા પ્રકારનું કાવ્ય છે ? **1**

(A) પદ (B) સોનેટ

(C) ઊર્મિગીત (D) પ્રકૃતિ વર્ણન

13. 'જૂનું પિયરઘર' કાવ્યમાં નાયિકા કયા અનુભવોનું સ્મરણ કરે છે ? **1**

(A) બાળપણના (B) યૌવનના

(C) સાસરિયાના (D) વૃંદાવનના

14. ફકીર શું ફેંકી ફરે છે ? **1**

(A) લોભ – લાલચ (B) ધન – ધાન્ય

(C) સુખ – દુ:ખ (D) તન – મન

15. નિબંધ એટલે : **1**

(A) વિચારોને સારી રીતે જોડવું (B) લંબાણથી લખવું

(C) ટૂંકમાં લખાય તે (D) આત્મકથા લખાય તે

16. 'કોણ' પ્રશ્ન પૂછી કવિ કયા જવાબની અપેક્ષા રાખે છે ? **1**

(A) કુદરત (B) માતા

(C) આકાશ (D) ઈશ્વર

17. 'જગત નાગરિક' શબ્દ કવિ કઈ પ્રજા માટે વાપરે છે ? **1**

(A) દિલ્લીની (B) પંજાબની

(C) ગુજરાતની (D) મથુરાની

18. હિટલર ક્યાંનો સરમુખત્યાર હતો ? **1**

(A) જર્મનીનો (B) અમેરિકાનો

(C) ચીનનો (D) આફ્રિકાનો

19. શોકસભા કોના મૃત્યુ પાછળ ભરવામાં આવી હતી ? **1**

(A) દેવશંકરના અવસાનના કારણે. (B) ચિત્રગુપ્તના અવસાનના કારણે.

(C) નંદનંદન શેઠના અવસાનના કારણે. (D) ભાઈસાહેબના અવસાનના કારણે.

20. 'મોં પડી જવું' એટલે – **1**

(A) ખુબ ખુશ થવું (B) નિરાશ થવું

(C) ગંભીર થઈ જવું (D) ચિંતિત થવું

21. (ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણના જવાબ લખો : **6**

(i) 'એક પ્રશ્ન' વાર્તાના નાયકે એક દિવસ શું સમાચાર વાંચ્યા અને સમાચાર વાંચી તેમણે શું કર્યું ?

(ii) 'ચાલો અખાડામાં' વાક્ય સાંભળી નાયકને શા માટે આશ્ચર્ય થયું ?

(iii) 'ઉત્તરાયણ' શેનું પર્વ છે અને તે આપણાં માટે શું લાવે છે ?

(iv) દયાશંકરે અરજીમાં દેવશંકર માટે શો આક્ષેપ કર્યો ? અને તેમની કરેલ અરજીનું શું પરિણામ આવ્યું ?

(v) 'પ્રયાગરાજ' ના લેખકની યાત્રાનું પહેલું ધામ કયું હતું ? અને તે ત્યાં શા માટે ગયા હતા ?

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણ સવાલોના જવાબ એક વાક્યમાં લખો : **3**

(i) 'પ્રયાગરાજ' ના લેખકના સગાવહાલાં લેખક પર દાઝે કેમ બળતાં હતાં ?

(ii) 'વિનુ'ની ક્રિકેટ પ્રત્યેની રુચિ અને આવડત કોના દ્વારા કેળવાઈ ?

(iii) ખીમજીભાઈએ હરિયાને કયું કામ સોંપ્યું ? તે બદલ ખીમજીભાઈએ શું આપવાનું કહ્યું ?

(iv) જીવન-પરિવર્તનનો રસ્તો કેવો હોય છે ? લેખક જીવન પતંગને શું કરવાનું કહે છે ?

(v) હિમાલયમાં આવેલા મહાદેવના મહાલિંગ વિશે શું માન્યતા છે ?

22. (ક) નીચેના સવાલોમાંથી ગમે તે ત્રણના જવાબ આપો : **6**

(i) 'અવસાન-સંદેશ' કાવ્ય કયા પ્રકારનું કાવ્ય છે ? તેનો ભાવાર્થ લખો.

(ii) ધીરુ પરીખના હાઈકુનો વિચાર સમજાવો. ત્રણેય હાઈકુમાં દેખાતી સમાનતાઓ અને અસમાનતાઓ લખો.

(iii) મુક્તકની શૈલીમાં કયા-ક્યા તત્ત્વો મહત્ત્વના છે ? તેની વિશેષતા કઈ છે ?

(iv) 'અખા' નો કવિ પરિચય લખો.

(v) 'ગુર્જર ભારતવાસી' શીર્ષકની યોગ્યતા તમારા શબ્દોમાં લખો.

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણ સવાલોના જવાબ એક વાક્યમાં લખો : **3**

(i) ઓસબિંદુ પોતાનામાં કોને સમાવી લે છે ?

(ii) કથા સાંભળવા કોણ કોણ જાય છે ? અને સમજ્યા વગરની કથાથી શું ફોક થાય છે ?

(iii) ચંબેલીને કોને ઘડી ? અને તેને કોની વેણીમાંથી સુવાસ પ્રાપ્ત થાય છે ?

(iv) 'અવસાન-સંદેશ' કાવ્યના કવિએ રસિકજનની શી સેવા બજાવી છે ?

(v) સંઘરાખોરી અને શોષણના, કવિ કયા-કયા દૃષ્ટાંતો આપે છે ?

23. (ક) નીચેના વાક્યો કોણ-**કોને** કહે છે ? (ગમે તે ત્રણ લખો) : **3**

(i) "બે ની વાતમાં તમે નાહકમાં શું કામ માથું મારો છે ?"

(ii) "તમારો શિકાર તો આ દુકાનમાંથી સહી સલામત સરકી ગયેલ છે."

(iii) "ગીતાનો આદર્શ તો એમણે જીવનમાં ઉતાર્યો હતો."

(iv) "તારા વગર તો મને ગમશે નહિ."

(v) "તું દાવપેંચ જાણે છે."

(ખ) ગમે તે બે ભાવપંક્તિઓનું **ભાવસૌંદર્ય** સ્પષ્ટ કરો : **6**

(i) "હરિકૃપાથી મમ લેખ ચિત્રથી, જીવતો છઉં હું દમથી."

(ii) "ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના."

(iii) "હારે! ગોપી ઘેલી શું બોલતી જાય."

24. ગમે તે બેના **મુદ્દાસર** ઉત્તર લખો : **6**

(i) નાયક અને પહેલવાન વચ્ચેની કુસ્તીનું વર્ણન કરો.

(ii) 'મારી મા' પાઠની નાયિકાની માતાના વ્યક્તિત્વનું વર્ણન.

(iii) પ્રયાગરાજનું ધાર્મિક સ્થળ તરીકેનું મહત્ત્વ.

25. ગમે તે **એક** વિશે આશરે **200** શબ્દોમાં **નિબંધ** લખો : **10**

(i) વસ્તી વધારો-વિશ્વની સમસ્યા.

(ii) મારી પ્રિય રમત

(iii) બેટી બચાવો બેટી પઢાઓ.

(iv) વાસંતી વાયરા વાયા

(v) પર્યાવરણ પ્રદૂષણ : એક ગંભીર સમસ્યા

26. તમારી શાળામાં યોજાયેલા જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળાની માહિતી આલેખતો અહેવાલ કોઈ વર્તમાન પત્રના તંત્રીને લખો. **8**

**અથવા**

તમારા મામાનો દીકરો દોડની હરિફાઈમાં પ્રથમ આવ્યો છે, તેને અભિનંદન આપતો પત્ર લખો.

27. ગમે તે **એકનો વિચાર-વિસ્તાર** કરો : **6**

(i) અડગ મનના મુસાફરને, હિમાલય પણ નડતો નથી.

(ii) પુરુષાર્થ પાસે પ્રારબ્ધ પાંગળું છે.

**અથવા**

ગમે તે **એક** વિષય પર **પરિચ્છેદ (ફકરો)** લખો :

(i) બાળપણ

(ii) નવરાત્રિ

28. નીચેનો **ગદ્યખંડ** વાંચી આપેલા સવાલોના જવાબ લખો : **5**

ગદ્યખંડ :

જેમ સાડીના શણગાર માટે કિનાર અને પાલવ હોય છે, તેમ જીવનના આનંદ માટે સાહિત્ય, સંગીત અને કલા હોય છે એવી માન્યતા દુનિયામાં વધે છે. કિનાર કે પાલવ વિના સાડી બની શકતી નથી એમ નથી છતાંયે એ હોય ત્યારે જ આપણને સાડી, સાડી જેવી લાગે છે. તે જ પ્રમાણે સાહિત્ય, સંગીત અને કલા વિના જીવવું શક્ય હોવા છતાં આપણે એને જીવનનું નામ નહીં આપીએ. કિનાર અને પાલવ એ સાડીનો આકર્ષક ભાગ છે પણ મુખ્ય ભાગ નથી. એકલી કિનાર અને પાલવ કોઈ ઓઢી ન શકે. સાડી છે તે માટે કિનાર અને પાલવનું મહત્ત્વ છે. સાડીથી એ કૃતાર્થ થાય છે. કલા તો જીવનના શણગાર તરીકે જ શોભે અને કૃતાર્થ થાય છે. સાહિત્ય, સંગીત અને કલા ત્રણેય એકબીજાના પરમ મિત્ર છે, એક કુટુંબી છે. એમના પરસ્પર સહકારથી જીવન પરમ રમણીય અને સુવાસિત છે.

**પ્રશ્નો :**

(i) સાડીના શણગાર માટે શું હોય છે ?

(ii) જીવનના આનંદ માટે શું જરૂરી છે ?

(iii) કલા જીવનમાં કઈ રીતે શોભે છે ?

(iv) જીવન રમણીય અને સુવાસિત કેવી રીતે બની શકે છે ?

(v) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

29. રાષ્ટ્રીય ઓપન શાળામાં તમારા અભ્યાસની ગતિવિધિના પ્રમુખ મુદ્દાઓને ફ્લો (સાંકળી) આલેખમાં તે મુદ્દાઓને દર્શાવો : **3**

પ્રવેશ, પુસ્તક પ્રાપ્તિ, સંપર્ક કેન્દ્ર, પરીક્ષા

30. સૂચના મુજબ લખો :

(ક) વિરુદ્ધાર્થી લખો. (ગમે તે બે) **2**

બર્હિમુખ, સહ્ય, સગવડ, સુષુપ્ત

(ખ) સમાનાર્થી લખો. (ગમે તે બે) **2**

હરખ, સમસ્યા, ક્રીડા, પવન

(ગ) સંધિ જોડો. (ગમે તે બે) **2**

પ્રતિ + અક્ષ, ભ્રષ્ટ + આચાર,

સત્ + ગુણ, સર્વ + ઉપરિ

(ઘ) રૂઢિપ્રયોગના અર્થ લખો. (ગમે તે બે) **2**

ભોગ લાગવું, ખાંખાં ખોળા કરવા, જળ મુકવું, ઉશ્કેરાઈ જવું.

(ઙ) શબ્દસમૂહ માટે એક શબ્દ. (ગમે તે બે) **2**

(i) જેની ઈશ્વરમાં આસ્થા હોય.

(ii) જે રોગમુક્ત હોય

(iii) પોતાના દેશનું

(iv) જે ભણેલો ન હોય.

31. નીચે આપેલ મુદ્દા પરથી વાર્તા લખી તેને યોગ્ય શીર્ષક આપો : **5**

એક રાજા – એશઆરામવાળી જિંદગી – ઊંઘ ન આવવી – ચિંતા થવી – અનેક પ્રકારની દવા કરાવવી – અનેક વૈદ્યોને બોલાવવા – નિષ્ફળતા – એક વૈદ્યની યુક્તિ – જાદુઈ ગેડીદડો અને દવાની ભૂકી રાજાને આપવાં – ગેડીદડાની રમતથી રોગ દૂર થવો – વૈદ્યને ઈનામ – બોધ.